# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

અવાસ્વિક આપ્યાં વચન, ત્યારે કયાં ગ્યા'તા?
બાંધી દીધી'તી મુદત તમે, ત્યારે કયાં ગ્યા'તા?
વાવ્યા ખોટા વાયદાનાં બીજ ત્યારે કયાં ગ્યા'તા?
ઉસેડ્યા ખોબલે મત તમે, ત્યારે કયાં ગ્યા'તા?
(પ્રજાની અવાસ્તવિક અપેક્ષાઓ - રઘુરામ રાજન)

## હાઇકુ

દંભે ફૂલેલ
માર્કેટીંગ ફૂગ્ગાની-
નિકળી હવા..
(પ્રચારી ફૂગ્ગો-ફૂસ્સ!)

દારૂ-જુગાર,
અપહરણ-ખૂન -
'સાંધાઇ' જ છે..
(અમદાવાદ માટે MOU)

## ચિંતન

**સધો માંસં નવાન્તં ચ બાલા સ્ત્રી ક્ષીર ભોજનમ્ ।**
**ઘૃત મુષ્ણો દકં ચૈવ સધઃ પ્રાણકરાણિ ષટ ॥**

તાજું માંસ, નવા પાકનું અન્ન, યુવાન સ્ત્રી, દૂધપાક જેવું ભોજન, ચોખ્ખું ઘી અને ગરમ પાણીથી સ્નાન- આ છ બાબતના સેવનથી શરીરમાં તાત્કાલિક પ્રાણશક્તિ ઉત્પન્નન થાય છે.

આજે યૌવન ટકાવવા કેટલાય કૃત્રિમ ઉપચાર અપનાવવામાં આવે છે. દવા-ગોળીઓ-તેલો એ બધું બાહ્ય ઠગાઇ અને શોષણના બહાનાં છે. પ્રાચીન જીવન શૈલી - સાત્ત્વિક ખોરાક - દહીં-દૂધ-ઘી-ગોળ જૂના સમયમાં રસોઇના અને રસોઇઘરના પાયામાં હતા. હવે પિઝા-બ્રેડ-કુમતાકૂમતાને ગર્બર-બર્ગર તાકાત સિંચન કરનારા ખોરાક થઇ ગયા છે.

ઘરનાં વલોણાંનાં ઘી-માખણ-છાસ તો હવે અપ્રાપ્ય વાનગી થઇ ગઇ છે. અડદ-તલ-બાજરો અદૃશ્ય છે. ખોટા અને ખોકલા ખોરાકે માણસના ખોડિયાંને પણ ખંડેર જેવાં ખોખલાં બનાવી નાખ્યા છે. પછી બિચારું 'જિમ' પણ શું કરે?!

પ્રાણશક્તિમાં વધારો થાય એવો સાત્ત્વિક ખોરાક લેવો જોઇએ.

## સુવિચાર

- તાકાત કે બુદ્ધિ નહીં પરંતુ સતત સંનિષ્ઠ પ્રયાસો જ તમારી ક્ષમતા માટેની યોગ્ય ચાવી છે - **વજુ કોટક**
- ઇશ્વર પ્રાપ્તિનું લક્ષ્ય સિદ્ધ કરવું હોય તો ભક્તિમાં બાળક, કર્મમાં યુવાન અને જ્ઞાનમાં વૃદ્ધ થાઓ - **પૂજ્ય મોટા**
- જે કોઇ પણ કાળથી કે કર્મથી દુઃખી હોય તેને સુખી કરી શકાય છે.. પરંતુ સ્વભાવથી દુઃખી હોય તેને સુખી ન કરી શકાય - **ઝેન કથન**
- ધર્મને પૂછે, ધર્મને સાંભળે, ધર્મને સમજે પણ ધર્મને આચરણમાં ન સ્વીકારે તે ધૃતરાષ્ટ્ર છે - **જનકલ્યાણ**
- જે વસ્તુ મહેનત કરીને મેળવવાની તમારામાં ક્ષમતા છે તેના માટે માગણી ન કરશો - **એસ. ભટ્ટાચાર્ય**
- જે સિંહાસનના પાયામાં અંગત સુખ દટાયેલા છે તે જ સિંહાસન સ્થિર રહે છે - **શ્રીલંકન કહેવત**
- સુખને કેન્દ્રમાં રાખીને જીવન પસાર કર્યા છતાં કાયમી સુખ ન મળ્યું પરંતુ હિતને ધ્યાનમાં રાખીને જીવો, કાયમી સુખ મળ્યા વિના નહીં રહે - **અમૃત બિંદુ**

(સંકલન : દિપક વી. આસરા)

## બોધ કથા

કર્મચારીથી સચિવ સુધીની શ્રેણીની ફરજ એ છે કે સરકારે કોઇ બાબતમાં નિર્ણય લેવાનો હોય તો એ નિર્ણય બાબતના ફાયદા-ગેરફાયદા કે ભયસ્થાનો 'નોંધ'માં બતાવવાં જોઇએ. પછી વિચારીને સરકાર નિર્ણય કરે - (જો કે આજે તો નોંધ કેમ મૂકવી તેની સૂચના ઉપરથી જ આવે) આમાં નાનો કર્મચારી મનમાં ગર્વ કરે કે નિર્ણયો મારી નોંધ પર લેવાય છે તો એ ખોટું. 'ફાઇનલ ઓથોરીટી' કોણ?!

શિયાળ વનરાજસિંહનું મદદનીશ હતું. સિંહે આજે કોનો-કયાં શિકાર કરવો તે જોઇ-તપાસી-નોંધ મૂકે પછી સિંહ એ સ્થળ જઇ તરાપ મારે - સિંહ પેટ ભરી ખાઇ લે પછી વધ્યું-ઘટ્યું શિયાળ માટે છોડી દે...

શિયાળ લગભગ ભૂખ્યું રહેતું પણ મનમાં તેને અસંતોષની ભૂખ એટલે હતી કે મુખ્ય શિકાર શોધવાનું અગત્યનું કામ તો હું જ કરું છું. સિંહો તો માત્ર આવી એક પંજો મારે અને આખો શિકાર મારી મહેનતનો ખાઇ જાય છે. એના કરતાં જ જાતે જ શિકાર (બકરો) ન શોધું? અને શિયાળ નિકળી પડ્યું.

પર્વતની તળેટી પાસે ઘેટાનું ટોળું ચરતું હતું. શિયાળને મોઢામાં પાણી છૂટ્યું. તરાપ મારવાની તૈયારીમાં જ હતું ત્યાં ભરવાડ જોઇ ગયો અને શિયાળને ખોપરીમાં લઠ્ઠ મારી... મરી ગયું..

ડાયરેક્ટ 'બકરા' શોધનારા અધિકારીઓ 'છટકાં' માં ફસાઇ જાય છે એમ... શિયાળ બિચારું..!!

Email - sureshchandrabhatt18@gmail.com

# બાળપણના અંદરના ઉભરાનો આવિષ્કાર નિવૃત્તિમાં પ્રવૃત્તરુપે પાંગરે છે ત્યારે....

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

વેકેશન પડે એટલે બાળકો મામાને ઘરે જતાં અને પેલું ગીત પણ પ્રચલિત હતું. 'મામાનું ઘર કેટલે દિવો બળે એટલે' મોસાળ સાથેના સંબંધો બાળક સમજી શકે. મામા, માની, નાના,નાની અને મોસાળના ગામ સાથે લાગણીના સંબંધો જે કેળવાતા તે જીવનભરનું સંભારણું બની જતા. બાળકને ત્યાં મુક્ત વાતાવરણ અને લાડ મળતું તેનાથી નવી શક્તિ, જોમ, સંસ્કાર અને સંવેદનનું ભાથું તેના જીવનમાં બળ પૂરું પાડતું. બાળકને શું જોઇએ? તે કદાચ મોસાળમાં મળતું. પરંતુ બધું બદલાય તેમ એ પ્રથા પણ બદલાતી ચાલી છે. વેકેશન પડતાં બાળકો બહાર રમવા જવાને બદલે હવે વીડિયોગેમ્સ કે કોમ્પ્યુટરમાં અટવાયેલાં રહે છે. વ્યવસાય કરતાં મમ્મી-પપ્પાને વેકેશનમાં સમય મળે તો હિલ સ્ટેશન પર ફરવાનો કાર્યક્રમ બની જતો હોય છે. અન્યથા બાળક ઘેર રહે અને તોફાન કરે તે માતાપિતાને ગમતું નથી. તેના વિકલ્પ રુપે સમર કેમ્પો શરુ થયા છે. જેનાં વ્યવસાયિક રીતે બાળકોને હરિફાઇના આ યુગમાં જીનિયસ બનાવવા જુદી જુદી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે અને તે દ્વારા તેને આજના જમાનાને અનુરુપ બનાવવાનો પ્રયાસ થાય છે. સમર કેમ્પની આ પ્રવૃત્તિઓ પણ સારી છે. જો કે બાળકને ખરેખર શું જોઇએ છે તે અંગે પણ વિચારવું જોઇએ.




આ વાત મને બાળ સાહિત્યના વાંચન દરમિયાન ઘણી વખત સાંભળી આવે છે. કારણ કે બાળ સાહિત્યના તે જે કંઇ લખાય છે છપાય છે અને બાળકો સુધી પહોંચે છે. તે બાળકોને ગમે તેવું હોય છે ખરું? બાળકને જો તેમાં રસ નહીં પડે તો એ સ્વીકારશે ખરું? વળી રૂપકડાં રંગીન ચિત્રો અને સુંદર પ્રિન્ટીંગ સાથે મળી રહેવું આ બાળ સાહિત્ય બાળકના માતા પિતાના ખિસ્સાને પરવડે તેવી હિંમતમાં મળે તો જ તે સાચા અર્થમાં બાળક પાસે પહોંચી શકે. અન્યથા પુસ્તકાલયોની શોભા જ બની રહે. વાળ આ બાળ સાહિત્યના લેખકને જો બાળકો સાથે કલશોરની વાત શોરબકોર જેવી પણ બની જતી હોય છે. તે વાતની પ્રતીતિ વાંચન દરમિયાન થયા વિના રહેતી નથી.

હાં મારે આજે તમને એક એવા જ બાળકો માટે લખાયેલ અને ગુજરાત સાહિત્ય અકાદમીની આર્થિક સહાયથી પ્રગટ થયેલ પુસ્તકની વાત કરવી છે.

'કલશોર' બાળ કાવ્યસંગ્રહ છે તેમાં કુલ-૩૭ જેટલાં કાવ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. કવિના આત્મનિવેદન અનુસાર તેમના આ કાવ્યો તરૂણ કાવ્યો છે. એટલે કે ૧૩ થી ૧૫ વર્ષની વયે રચેલા કાવ્યો તેનો અર્થ એવો પણ થઇ શકે એમ નથી કે આ કાવ્યો કિશોર વયના બાળકોના વયજુથ માટેનાં છે. 'મનોગત' નામે પ્રસ્તાવના રુપે કવિએ પોતાની જીવનયાત્રાનો ચિતાર આપ્યો છે. આ બાળ કિશોર કાવ્યો 'દિવાળી આવશે... થી શરુ થઇ 'જાગો ઉઠો બાળ... પાસે વિરમે છે.' આ રચનાઓની પસાર થતાં તે કવિએ પોતાના બાળપણમાં કે કિશોરવસ્થા દરમિયાન આવેલ અંદરના ઉભરાનો આવિષ્કાર માત્ર છે. જેને તેમણે જીવનના છેલ્લા પડાવે નિવૃત્તિ બાદની પ્રવૃત્તિ તરીકે સ્વીકારીને પુસ્તક રૂપે પ્રગટ કરેલા છે. જેમાં કેટલાંક કાવ્યોની શરુઆતનો ઉપાડ સારો છે પણ પછીથી કોઇ જુદી જ દિશામાં ફંટાઇ જતાં હોવાનું વાંચનારને લાગ્યા વિના રહેતું નથી. જેમ કે -

મનને ગમતું ગીત, આજ મને ગાવા દે,
મનને ગમતું ગીત, સ્મિત થાવા દે..

આવી સુંદર પંક્તિઓ પછી ફંટાઇ ગયું છે. તો દોસ્તનો 'કાગળ' આવે ગધાળું બની ગયું છે. તે ઉપરાંત 'ડેમના પ્રવાસે, મીઠો કલશોરમાં પ્રવાસની વાત આવે છે. 'આવી... આવી... ભારતમાતા, માં રાષ્ટ્રપ્રેમની વાત સાથે પ્રાસંગિક ચીલાચાલુ રચનાઓ છે. કવિએ કેટલાંક ઋતુ કાવ્યો પણ મુક્યા છે. જેમ કે 'વર્ષાની વાદળી, વસંતવાયુ' તે સિવાય પ્રાસંગીક 'દિવાળી આવશે', 'દિવાળીનું સ્વાગત' શરદપૂનમનું સ્વાગત, 'સૂરજની વિદાય' 'વહેલી સવારે,', 'આવી પરીક્ષા' વિગેરે ગણાવી શકાય. કવિની કેટલીક ગમી જાય તેવી પંક્તિઓ અહીં મુકી આપું છું.

જાગો ઊઠો બાળ, ઉગ્યું નવલું પ્રભાત,
સમય સાથે કદમ મિલાવો, કામની કેડી પર આવો
જુનું પુરાણું ફગાવી દઇ, કરીએ નવલી વાત...

• • •

સૂરજ ફરતો, ચાંદો ફરતો, તારા લાગે સ્થિર
મોટા ઉંઘે, નાના ઉંઘે, જાગે મારો વીર...
એક જ ડાળનાં પંખી અમે સૌ,
એક જ ડાળના પંખી,
વિહરીને કદી આભમાં ઉંચે,
ઉડી ઉડી અહી આવીએ નીચે.

• • •

ધોળા ગુલાબ, પીળાં ગુલાબ
ડાળે ડાળે દિઠાં, ગુલાબ
મઘમઘ, મઘમઘ મહેંકે ગુલાબ
જોવાને ઝૂક્યું છે આભ.

'કલશોર' કાવ્યસંગ્રહના કવિ 'કાંતિભાઇ એમ શર્મા'નો પરિચય પુસ્તકના છેલ્લા પાને તેમની તસ્વીર સાથે જાણીતા ગઝલકાર ફિલિપ કલાર્ક આપ્યો છે. તેઓ જણાવે છે કે વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા કાંતિભાઇ ઉત્તમ કોટિ ફોટોગ્રાફર ઉપરાંત સારા એવા સાહિત્યસર્જન છે. સ્વભાવે બાળક જેવા આ કવિ બાળ ભોગ્યતા અને બાળસહજન મોટા ભાગની રચનાઓમાં જાળવી શક્યા છે. કયાંક પ્રાસ, શબ્દપ્રયોગ કે વિષય પસંદગીમાં ઓછપ હશે પણ બાળક તેઓએ કેન્દ્રમાં રાખ્યું છે. 'કલરવ' નામે પ્રથમ બાળકાવ્ય સંગ્રહ લઇને સાહિત્ય જગતમાં પ્રવેશનારા આ નવ કવિને આવકાર સાથે અભિનંદન પાઠવું છું.

**'કલશોર' (બાળકિશોર કાવ્યો)**
**કવિ - કાંતિભાઇ એમ. શર્મા**
**પ્રકાશન - પોતે**
**વિતરક - રન્નાદે પ્રકાશન**
**૫૮/૨, બી.જે. માળ, જૈન દેરાસર સામે, અમદાવાદ**
**પૃષ્ઠ - ૩૭, કિંમત - રૂા. ૬૫/-**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૧**

# સીતા લંકા આવવાની ના પાડે તો ?

## હું રસ્તે રઝળતી વારતા

- અચના કમલેશ

***રામાયણ ભારતીય સંસ્કૃતિનું અદ્ભૂત મહાકાવ્ય છે. વાલ્મિકી વિશ્વના પહેલા કવિ છે. એમણે જે રામાયણ રચ્યું એ અન્ય રામાયણોની ગંત્રોતી સમું બની રહ્યું છે. પરંતુ મૂળ રામકથાથી ચીલો ચાતરીને સીતાને કવચિત કોઇએ રાવણની પુત્રી પણ ગણી છે. રાવણ એના યુગનો મહાન રાજવી જ નહીં, બલકે ઋષિપુત્ર પણ છે. એ 'અસુર' જાતિનો છે, અને અસુર કે રાક્ષસ પણ માણસની જેમ જ વર્તનારો સમાજ છે. રાવણને સીતાનું હરણ કેમ કરવું પડયું? એ વિશે પણ મતમતાંતરો પ્રવર્તે છે. સાદી સમજણ મુજબ એણે શૂર્પણખાની ચડવણીથી, એનાં નાક-કાન કાપનારા રામ-લક્ષ્મણનું વેર વાળવા આ અપકૃત્ય કર્યું હોવાનું મનાય છે. હમણાં 'અસુર' શીર્ષક હેઠળ પ્રકાશિત થયેલી લોકપ્રિય નવલકથામાં રાવણ એની તરછોડેલી દીકરીને પાછી લાવવા માટે અપહરણ કરે છે, પરંતુ સીતા એના પિતાને થોડી ઓળખે છે? એથી એ પ્રતિકાર કરે છે, વચ્ચે જટાયુ પણ પુષ્કર વિમાન સાથે અથડાય છે. સીતા પ્રત્યે કામ-ભાવનો તો પ્રશ્ન જ નથી, એ તો રાવણની દીકરી છે, પરંતુ એને જ ગેરસમજ થઇ એમાં બિચારો રાવણ શું કરે? એક પિતા તરીકે એ જે કંઇ સહન કરવું પડે તે સહેતો રહે છે.***

***આનંદ નીલકંઠનની 'અસુર' નવલકથા રાવણના પાત્રને એક નવી ઊંચાઇ પર મૂકી આપે છે. એ નવલકથાનો ગુજરાતી અનુવાદ જાણીતાં લેખિકાં વર્ષા પાઠકે કર્યો છે. એનો એક અંશ 'ગાંધીનગર સમાચાર'ના વાચકો માટે પ્રસ્તુત કરું છું.***

**- અચના**

ઝડપભેર મેં મારા અલંકારો ઉતારીને, એની પોટલી વાળીને કેડે બાંધી દીધી. શિવભક્ત હોવાને કારણે મારા કપાળે ભસ્મનં તિલક તો પહેલેથી હતું. વૃક્ષોની આડશમાંથી નીકળ્યો ત્યારે મારો દેખાવ ભિક્ષા માગવા નીકળેલા કોઇ સાધુબાવા જેવો હતો.

સીતાની દૃષ્ટિ મારા પર પડી... અને નજીકથી જોતાની સાથે મારી છાતીમાં ડૂમો બાઝી ગયો. સીતા... સીતા... મારી પુત્રી! મારા પગ જમીન સાથે જડાઇ ગયા. ચહેરો ફેરવી લઇને મેં આંખો મીંચી દીધી. મેં શું કામ એનો ત્યાગ કરેલો? જનકને સત્યની જાણ કરી દીધી હોત તો કદાચ આજે આ વખત આવત જ નહીં. મારી પુત્રીએ એ મારા હાથમાં સોંપી દેત. રાવણની પુત્રી, અસુરોની રાજકુંવરીએ આમ વનવગડામાં ભટકવું ન પડત. મારી બધીએ સિદ્ધિ, સત્તા, રાજપાટ હું એનાં ચરણોમાં ધરી દેત, પણ મેં ભૂલ કરી અને આજે એ પેલા દેવકુમારની સાથે ભિક્ષુકની જેમ રહેતી હતી. એવા માણસો સાથે જેમણે મારી બહેનની અવદશા કરી. ખરેખર તો સીતાનું સ્થાન લંકામાં હોવું જોઇતું હતું.

પણ એ લંકા આવવાની ના પાડી દે તો? સીતાને એના પતિ પ્રત્યે માત્ર પ્રેમ નહીં, ઊંડો ભક્તિભાવ હતો. રામને ખાતર એ મને હડધૂત કરી દે એવી આશંકા મારા મનમાં હતી. મને વેદવતીના શબ્દો યાદ આવી ગયા. એનો શાપ મને પેલા જયોતિષીની ભવિષ્યવાણી શું સાચી પડશે?

પરંતુ હવે એ બધું વિચારવાનો સમય વીતી ગયો. મન મક્કમ કરીને મેં આંખો ખોલીને સીતા ભણી જોયું. પણ એ તો મઢૂલીની અંદર જતી રહેતી. થોડીવારમાં એ હાથમાં ફળફળાદિ લઇને બહાર આવી. જંગલની વચ્ચોવચ્ચ રહીને પણ આંગણે આવેલા સાધુને ભિક્ષા તો આપવી પડે.

એણે આગળ આવીને મારું ભિક્ષાપાત્ર કયા છે, એ જોવા નજરફેરવી, મેં એને ઉપાડીને ખભે નાખી દીધી અને પુષ્પક જયાં ઊભું રાખેલું એ તરફ દોટ મૂકી. હબક ખાઇ ગયેલી સીતાના મોઢામાંથી થોડીવાર માટે તો કોઇ અવાજ પણ નીકળી શક્યો નહીં, પરંતુ આઘાતમાંથી કળ વળતાંની સાથે એણે સહાય માટે મોટે મોટેથી સાદ પાડવાનું અને મારા હાથમાંથી છૂટવા માટેનાં તરફડિયાં મારવાનું શરું કરી દીધું. સીતાએ એના નખથી મારો ચહેરો એન પીઠ લોહીલુહાણ કરી દીધા. પુત્રીનો ત્યાગ કરવા માટેની સજા મેં પ્રેમપૂર્વક સ્વીકારી લીધી.

છેવટે વિમાન પાસે પહોંચીને સીતાને અંદર નાખીને, બારણું બહારથી વાસીન હું મારીચની વાટ જોતો ઊભો રહ્યો. ઘડીઓ અને પછી પ્રહરો વીતી ગયા. સૂરજે ઢળવાની તૈયારી કરી દીધી, પણ મારીચ દેખાયો નહીં. વિમાનની અંદર ડૂસકાં ભરી રહેલી સીતા અને દૂર દૂર અવાજ કરી રહેલાં પક્ષીઓ અને પ્રાણીઓનાં અવાજ સિવાય બીજા કોઇની હાજરી વર્તાતી નહોતી. સીતાને પાછળ છોડીને, મારીચની શોધમાં જ મારો જીવ નહોતો ચાલતો.

> **જનકને સત્યની જાણ કરી દીધી હોત તો કદાચ આજે આ વખત આવત જ નહીં, મારી પુત્રીને એ મારા હાથમાં સોંપી દેત, રાવણની પુત્રી, અસુરોની રાજકુંવરીએ આમ વનવગડામાં ભટકવું ન પડત**

છેવટે ભારે હૃદયે વિમાનમાં બેસીને મેં સુકાન સંભાળ્યું અને પુષ્પકે લંકા ભણીનું ઉડ્ડયન આરંભ્યું. પરંતુ અમે લંકા પહોંચ્યા ત્યાં સુધી માર્ગમાં થયેલાં અનુભવો ભયાનક હતા. પહેલાં તો આકાશમાં ચકરાવા મારી રહેલું એક વિશાળકાય ગીધ વિમાનની તીવ્ર ગતિએ ફરી રહેલી પાંખોમાં ફસાઇ ગયું. પાંખોમાંથી નીકળવા માટે એ મસમોટા પક્ષીએ પુષ્કળ પ્રયાસો કર્યા અને તેના પરિણામે વિમાને પણ સંતુલન ગુમાવી દીધું. હું સ્તબ્ધ થઇને વિમાન અને પક્ષીની પાંખો વચ્ચેની લડાઇ જોતો રહ્યો.

આમ ને આમ કદાચ અમે ધરતી પર જઇને પડ્યા હોત, પણ સીતાની ચીસોએ મને હચમચાવ્યો અને એ અમારા જીવ બચાવવાની મથામણ આરંભી. ફસાયેલા પક્ષી પર ઘા મારવાનું શરું કર્યું. એના બચવાની કોઇ શક્યતા નહોતી. ન છૂટકે મારે એની કાયાના ટુકડે ટુકડા કરવા પડ્યા.

પણ ત્યાં જ વિમાન બીજી તરફ ઝુક્યું અને સીતા સરકીને નીચે જ પડી જાત મેં એક હાથે એને કેડેથી પકડી ન લીધી હોત.

પછીની ક્ષણો મારા માટે ભયાનક દુઃસ્વપ્ન સમી હતી. વિમાનની પાંખમાં ભરાઇ રહેલાં માંસના લોચા જેમતેમ બહાર કાઢીને ફેંક્યા, સીતાને સંભાળવી, ગમે તે ક્ષણએ ધરાશયી થઇ જવાની તૈયારી કરી રહેલા પુષ્પકને હવામાં તરતું રાખવું. આ બધું એકલે હાથે કરવાનું હતું. એ ઘડીને કઠિન નહીં, અસંભવ લાગતું હતું. મેં વાસ્તવિકતા સ્વીકારી લીધી કે, અંત સમય આવી ગયેલો. હવે કોઇ ફાંફા મારવાનો અર્થ નહોતો.

પણ પછી સીતાના ધ્રૂસકાએ મને હલબલાવી નાખ્યો. મારી પુત્રીની સામે તો હજી એનું આખું જીવન હતું. પતિના બંધનમાંથી મુક્ત કરેલી સીતાને હવે હું કાળના ચરણે ધરી દઇશ? ના, ના એણે અને એના ખાતર મારે હજી જીવવાનું હતું. પુષ્પકનું સુકાન મેં વધુ મક્કમ હાથે સંભાળી લીધું. થોડી વાર પછી દુઃસ્વપ્નોનો અંત આવ્યો હોય એમ વિમાને પાછું સંતુલન મેળવ્યું અમને બીજી કોઇ દુર્ઘટના વિના લંકા ભણી લઇ ગયું.

નીચે લંકા દેખાઇ ત્યારે સીતાના ચહેરા પર આવી ગયેલા અચરજના ભાવ મેં લઇ લીધા. થોડી ક્ષણો માટે પોતાનું દુઃખ ભૂલીને આંખો પહોળી કરીને એ લંકાની ભવ્યતા નીરખી રહી. મેં ગર્વની લાગણી અનુભવી. આ તો હજી પાશેરામાં પહેલી પૂણી હતી. સીતાને મારે હજી કેટકેટલું બતાવવાનું હતું.

એના આગમનની રાહ જોઇ રહેલા સોનેરી રાજમહેલ, મઘમઘતા ઉદ્યાનો અને સ્વચ્છ, નીલવર્ણ સાગર, હરિયાળા ખેતરો, ઊંચી નારીયેળીઓ, કિલ્લા, એના મિનારા. આ બધાની સામે અયોધ્યાની શું વિસાત હતી? હું મૌન રહ્યો. સીતાએ જ નિર્ણય લેવાનો હતો.

શાંતિથી મેં પુષ્પકને લંકાની ભૂમિ પર ઉતાર્યું. સામેથી દોડી આવેલી મંદોદરી, ત્રિજટા અને મેઘનાદને જોતાંની સાથે થોડી વાર માટે હું સીતાને ભૂલી ગયો, પરંતુ પ્રિયજનોને મળવાનો આનંદ તોડી જ ક્ષણોમાં ઓસરી ગયો. બધાંની સાથે ત્યાં આવી પહોંચેલી મામીની આંખો એના પતિ મારીચને શોધી રહી હતી.

એને હું કેવી રીતે કહું કે, તમારા પતિને હું દૂર જંગલમાં બે



અસભ્ય, બર્બર માનવીઓના હાથમાં મૂકી આવેલો? આજે હું જે પણ હતો એ મારીચના નિઃસ્વાર્થ સ્નેહ અને બલિદાનોને કારણે હતો. એણે એનું આખું જીવન મારા માટે ખર્ચી નાખેલું, પણ એની અંતિમ વેળાએ સાથે રહેવાને બદલે હું નાસી છૂટેલો. હું કેટલો સ્વાર્થી હતો કે પુત્રીને મેળવવા માટે મેં વગર વિચાર્યે મારીચનું બલિદાન આપી દીધું! નિષ્ફળતા, નિર્માલ્યિતા અને અપરાધભાવની લાગણી મને ઘેરી વળી. કંઇ બોલ્યા વિના મામીએ મારા ચહેરા પર સત્ય જોઇ લીધું. એકમેકને ભેટીને અમે લાંબો સમય રડતાં રહ્યાં.

પુત્રી પાસેથી મેં રાખેલી આશા પણ ફળીફૂત ન થઇ. સીતાએ રાજમહેલમાં પગ મૂકવાની સ્પષ્ટ ના પાડી દીધી. મેઘનાદ એના બાળપણમાં જયાં રમતો હતો, એ અશોકવૃક્ષની છાયા હેઠળ જઇને સીતા બેસી ગઇ. એને સમજાવીને ત્યાંથી ખસેડવાના મારા બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. પછી થાકીને મેં સીતાનું ધ્યાન રાખવાની જવાબદારી ત્રિજટાને સોંપી.

**અસુર : મહાગાથા, રાવણ અને એક સંસ્કૃતિના ધ્વંસની...**
**લેખક : આનંદ નીલકંઠન**
**રજૂઆત : વર્ષા પાઠક,**
**પ્રકાશન : આર.આર. શેઠ**
**પૃષ્ઠ : ૩૮૪, કિંમત - રૂા. ૨૯૯/-**